# ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહના ૧૧ હજાર વિદ્યાર્થીઓએ પુનઃ ચકાસણીના ફોર્મ ભર્યા

## બીજા સેમેસ્ટરમાં ઘણાં વિદ્યાર્થીઓ નાપાસ થતાં પરિણામ અંગે અસંતોષ



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૪

ગયા વર્ષથી જ અમલી બનાવાયેલી સેમેસ્ટર પદ્ધતિને હજુ વિદ્યાર્થીઓ પુરેપુરી રીતે સમજી શક્યા નથી. તાજેતરમાં લેવાયેલી ધો. ૧૧ વિજ્ઞાનપ્રવાહની બીજા સેમેસ્ટરની પરીક્ષામાં ઘણા વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. પરિણામ અંગે વિદ્યાર્થીઓમાં અસંતોષ વધતા ૧૧ હજાર જેટલા વિદ્યાર્થીઓએ પુનઃ ચકાસણીના ફોર્મ ભર્યા છે.

વિજ્ઞાનપ્રવાહ માટે ગયા વર્ષથી સેમેસ્ટર પદ્ધતિનો અમલ કરાઈ રહ્યો છે. ધો. ૧૧, ૧૨ના ચાર સેમેસ્ટરો પૈકીના બે સેમેસ્ટરની પરીક્ષાઓ પુર્ણ થઈ ચુકી છે. પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા હેતુલક્ષી હતી જ્યારે બીજા સેમેસ્ટરની પરીક્ષા વર્ણાત્મક હતી. બધા જ સેમેસ્ટરની પરીક્ષાનું પરીણામ સરખુ વેઈટેજ ધરાવે છે. ૨૫ ટકા જેટલુ વેઈટેજ દરેક પરીક્ષાનું હોઈ ચારે-ચાર સેમેસ્ટર વિદ્યાર્થીઓ માટે ખુબ અગત્યના છે. બીજા સેમેસ્ટરનું પરીણામ નીચુ આવતા વિદ્યાર્થીઓમાં અસંતોષ વધી રહ્યો છે.

હાલમાં બોર્ડની ઓફિસ ખાતે વિદ્યાર્થીઓ પોતાના પેપર જોઈ શકે તેવો કાર્યક્રમ ચાલી રહ્યો છે. ૧૯૨૦ જેટલા વિદ્યાર્થીઓની ૧૨ જેટલી બેચ દરરોજ પોતાના પેપર જોવા બોર્ડની કચેરીએ આવે છે. આ કાર્યક્રમ એક અઠવાડિયા સુધી ચાલશે.

તે પછી પહેલી અને બીજી સપ્ટેમ્બરના રોજ રી-ચેકીંગ થશે. જેમાં વિદ્યાર્થીઓની સાત-સાત બેચ રી-ચેકીંગ કરાવી શકશે. રીચેકીંગના ૪ હજાર જેટલા ફોર્મ ભરાયા છે. જ્યારે ૧૧ હજાર વિદ્યાર્થીઓએ પુનઃ ચકાસણી માટેના ફોર્મ ભર્યા છે. વિદ્યાર્થીઓને પોતાના પરિણામથી સંતોષ થઈ શકે તે માટે બોર્ડ દ્વારા આ વ્યવસ્થા કરવામાં આવી છે.

૨૫મી ઓક્ટોબરથી ત્રીજા સેમેસ્ટરની પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે વાલીઓનું એક જુથ માત્ર ત્રીજા અને ચોથા સેમેસ્ટરના માર્કસ જ ફાઈનલ રીઝલ્ટમાં ગણવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે. જો કે, હાલમાં નક્કી કરેલી પદ્ધતિમાં કોઈ ફેરફાર કરવામાં નહી આવે તેવું બોર્ડના અધિકારીઓએ જણાવ્યું છે.

# મીઠાના સત્યાગ્રહની ઐતિહાસિક પ્રતિકૃતિ સોલ્ટમાઉન્ટ નજરાણું બનશે



**૧૫૦ ફૂટ ઊંચા અને ૩૦૦ ફૂટનો વ્યાસ ધરાવતા શંકુ આકારના સ્ટ્રક્ચર પર ઐતિહાસિક ઘટનાનો તાદૃશ્ય ચિતાર**

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં નવનિર્મિત મહાત્મા મંદિર પાસે 'સોલ્ટ માઉન્ટ' પાર્ક નિર્માણ કરવાનું કામ હાથ ધરાયું છે. મીઠાના સત્યાગ્રહના કન્સેપ્ટ આધારિત આ પાર્કમાં શંકુ આકારના વિશાળ સ્ટ્રક્ચરમાં ઐતિહાસિક ઘટનાની પ્રતિકૃતિ તૈયાર થઈ રહી છે. આગામી સમયમાં 'સોલ્ટમાઉન્ટ' નગરનું એક જોવાલાયક નજરાણું બની રહેશે.

ગાંધીનગરમાં અક્ષરધામ બાદ હવે અન્ય એક સ્થળ જોવાલાયક નજરાણા તરીકે આકર્ષણ જમાવશે. ગાંધીજીએ મીઠાનો સત્યાગ્રહ કર્યો હતો. તે ઐતિહાસિક ઘટનાને લઈ મહાત્મા મંદિર પાસે એક વિશેષ પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી રહી છે. મીઠાના સત્યાગ્રહ આધારિત સોલ્ટ માઉન્ટને અનુલક્ષી ૧૫૦ ફૂટની ઉંચાઈ ધરાવતા શંકુ આકારનું સ્ટ્રક્ચર ઉભું કરાશે. નીચેના ભાગેથી ૯૦ મીટર પહોળો વ્યાસ ઉપરથી ૬ મીટર પહોળા આ સોલ્ટ માઉન્ટ પર મીઠાનો સત્યાગ્રહ કરતા ગાંધીજીની પ્રતિમા જોવા મળશે. ઈતિહાસના પાનાઓમાં મહત્વની ગણાતી મીઠાના સત્યાગ્રહની ઘટનાને તાદશ્ય રજૂ કરવા હાલ સ્ટ્રક્ચર ઉભુ કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. સોલ્ટ માઉન્ટની કાર્યયોજનાનું કામ ગત મે મહિના દરમિયાન શરૂ કરવામાં આવ્યું છે. જ્યારે આગામી ૧૦ મહિનામાં આ કામગીરી પૂર્ણ કરી દેવાશે. આ યોજના અન્વયે રૂ.૧૨૦ કરોડના ખર્ચે સોલ્ટ માઉન્ટ, ગાંધીગાર્ડન, કમ્પાઉન્ડવોલ તેમજ ખ-માર્ગના કર્વેચરનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જ્યારે આ યોજનાને અનુલક્ષી અન્ય આનુસંગિક વ્યવસ્થાનું કામ પણ હાથ ધરાશે. આગામી તબક્કામાં કન્વેન્શન હોલ થી ખ-માર્ગને ક્રોસ કરીસોલ્ટ માઉન્ટ સુધી પહોંચવા બ્રિજ બનાવાવનું કામ પણ હાથ ધરાશે. શહેરના જોવાલાયક સ્થળોમાં અક્ષરધામની સાથે હવે સોલ્ટ માઉન્ટની ઐતિહાસિક પ્રતિકૃતિ પણ મુલાકાતીઓ માટે આકર્ષણરૂપ નજરાણુ બની રહેશે.

# મોંઘવારી વધતા સામાન્ય લોકોની ખર્ચશક્તિમાં ૬૫ ટકા જેટલો ઘટાડો

## વધતી જતી મોંઘવારી મધ્યમવર્ગીય પરિવારો માટે માથાનો દુઃખાવો



ગાંધીનગર, તા. ૨૪

ખાદ્ય પદાર્થોમાં થઈ રહેલા ભયાનક ભાવ વધારાએ આમ આદમીના ગજવા એટલી હદે ખાલી કરી દીધા છે કે અન્ય જરૂરી ચીજવસ્તુઓ ખરીદવાની તેમની ક્ષમતા ૬૫ ટકા જેટલી ઓછી થઈ ગઈ છે.

ઉદ્યોગ સંગઠન એસોચેમના એક અભ્યાસ રીપોર્ટમાં આ ખુલાસો કરવામાં આવ્યો છે. વધતી જતી મોંઘવારીથી ગરીબ અને અમીર વચ્ચેની ખાઈ વધી રહી છે. આ રીપોર્ટ અનુસાર મધ્યમ અને નિમ્ન આવક વર્ગના ૮૮ ટકાથી વધુ લોકો માટે મોંઘવારીના આ દોરમાં પોતાનું ઘરેલુ બજેટ સંભાળવુ મુશ્કેલ થઈ ગયું છે. પરિસ્થિતિ એવી બની ગઈ છે કે પોતાના ખાવા-પીવાની ચીજવસ્તુઓનું સ્તર યોગ્ય રીતે જાળવવા આ પરિવારોએ અન્ય તમામ ખર્ચાઓ ઉપર ભારે કાપકુપ મુકવાની ફરજ પડી છે. ખાદ્ય પદાર્થોના ભાવોમાં ઝડપથી વધારાની પાછળ ખરાબ ચોમાસાને પણ એક કારણ ગણી શકાય. ઓછો વરસાદ પડવાની આશંકાથી શાકભાજી અને ફળોના ભાવ ૩૦૦ ટકા વધી ગયા છે. જૂન અને જુલાઈમાં દિલ્હી, ચેન્નાઈ, મુંબઈ, કોલકત્તા, અમદાવાદ, હૈદ્રાબાદ, પુણે, ચંદીગઢ, દહેરાદુન અને બેંગ્લોરમાં ૫૦૦૦ લોકોનો સંપર્ક આ સંદર્ભે કરવામાં આવ્યો હતો.

આ રીપોર્ટ જારી કરતા એસોચેમના મહામંત્રી ડી.એસ. રાવતે જણાવ્યુ છે કે સરેરાશ ૩૫ હજારની માસિક આવકવાળા મધ્યમવર્ગના પરિવારો માટે પણ જીવવુ કઠિન બની ગયું છે. બાળકોના શિક્ષણ, મકાનનું ભાડુ કે હપ્તો, ગાડીની જાળવણી તથા રોજબરોજની ચીજો પર જ એટલો ખર્ચ થાય છે કે અન્ય ચીજો માટે પૈસા બચતા જ નથી. ૮૯ ટકા લોકોનું માનવું છે કે દરેક વસ્તુઓના ભાવો વધી ચુકયા છે. ખાસ કરીને શાકભાજીના ભાવ ઉપર કોઈ નિયંત્રણ રહ્યું નથી. દૂધના ભાવો પણ વધી ગયા છે.

# નીટની પરીક્ષા હવે ગુજરાતીમાં લેવાશે

## વિદ્યાર્થીઓ-ગુજરાત સરકારની રજૂઆતનો સ્વીકાર : ૧૨ મે, ૨૦૧૩માં પરીક્ષા યોજાશે : રાજ્યની મેડિકલ-ડેન્ટલની ૨૩૦૦થી વધારે બેઠકો નીટના મેરીટથી ભરાશે

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતના વિદ્યાર્થી-વાલીઓની ઉગ્ર રજૂઆત બાદ ગુજરાત સરકારે નીટની પરીક્ષામાં ગુજરાતી ભાષાને સામેલ કરવા મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા (એમસીઆઈ) સમક્ષ રજૂઆત કરી હતી. જેને માન્ય રાખી એમસીઆઈએ તૈયાર કરેલી નવી ગાઈડલાઈન મુજબ ગુજરાતના વિદ્યાર્થીઓ નીટની પરીક્ષા ગુજરાતી ભાષામાં પણ આપી શકશે. ગુજરાતની મેડિકલ -ડેન્ટલની ૨૩૦૦થી વધુ બેઠકો નીટની પરીક્ષાના પરિણામને આધારે તૈયાર થનાર મેરીટ પ્રમાણે ભરાશે. આ મેરીટમાં ધો. ૧૨ સાયન્સના ગુણ ધ્યાનમાં લેવાશે નહીં.

રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જયનારાયણ વ્યાસે આજે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યની રજુઆતને પગલે કેન્દ્ર સરકાર અને એમસીઆઈ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં મજુરીકામ અર્થે આવેલા પરપ્રાંતિઓથી ભયનું વાતાવરણ

ગાંધીનગર, તા. ૨૪

જિલ્લામાં ગુનાખોરીનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે ત્યારે પરપ્રાંતિયોના વસવાટ અને તેમની ગતિવિધિઓના મામલે પોલીસતંત્રએ વધુ કડક વલણ અપનાવવાની અનિવાર્યતા ઉભી થઈ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. મહાત્મા મંદિર પાછળના વિસ્તારમાં અસ્તિત્વમાં આવેલ ઝુંપડાઓમાં પરપ્રાંતિઓના વસવાટથી આમ નાગરિકો માટે

● અનુસંધાન પાન-૭ પર

# ચોથા વર્ગના સરકારી કર્મચારીઓની ૨૬ ઓગષ્ટના રોજ મહારેલી

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યના ચોથાવર્ગના કર્મચારીઓની પડતર પ્રશ્નોને લઈ એક રેલી આગામી તા. ૨૬મી ઓગષ્ટના રોજ અમદાવાદ ખાતે યોજાશે. આ રેલી સુભાષબ્રિજથી વિજય ચાર રસ્તા થઈ શિક્ષણભવન ખાતે સભામાં ફેરવાશે. અહી આગામી રણનિતી જાહેર કરવામાં આવશે.

કર્મચારી મહામંડળના મહામંત્રી પ્રવિણભાઈ સોલંકીએ જણાવ્યું તું કે કર્મચારીઓના પડતર પ્રશ્નોના ઉકેલના બદલે ઓરમાયુ વર્તન કરવામાં આવે છે. સરકારના તમામ કાર્યક્રમોને સફળ બનાવવાનું કામ અને પ્રજા સુધી પહોંચાડવાનું કામ મંત્રીઓ નહી પરંતુ કર્મચારીઓ કરી રહ્યા છે. તેજ આથી તેમના પ્રશ્નોને પણ યોગ્ય ન્યાય આપવો જોઈએ.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે સરકાર જો કર્મચારી પ્રત્યે જરા પણ લગાવ હોય તો કર્મચારી માટે એક કર્મચારી કલ્યાણ મેળો કરી પોતાની સાચી રણનીતિ જાહેર કરે.

# ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી)

નિયામકશ્રીની કચેરી, પહેલો માળ, પ્લોટ નં. ૨૭૨, ૨૭૩, સેન્ટ્રલ બેંકની પાછળ, ઘ-૪ાા, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ગુજરાત)
ફોન નં. (ઓ) ૦૭૯-૨૩૨૪૦૯૬૪, (ફેક્સ) ૦૭૯-૨૩૨૪૦૯૬૫
ઈ-મેઈલ : info@gemi-india.org ● વેબસાઈટ : www.gemi-india.org

## જાહેર નિવિદા

### કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પૂરી પાડવા અંગે

નિયામકશ્રી, ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન, ગાંધીનગર, સેક્ટર-૧૬, ખાતેની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ-સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીથી માંડીને "કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા" પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી. પો.એ.ડી. થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૮-૦૦ કલાક વચ્ચે, ૧૪-૦૦ થી ૧૪-૩૦ સિવાય તા. ૩૧/૮/૨૦૧૨ સુધીમાં જુનિયર અધિકારીશ્રી, ગેમી કચેરી પાસેથી અરજી સાથે "ગુજરાત એન્વાર્યમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ" નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહી ચૂકાવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રસાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા. ૩/૯/૨૦૧૨ના રોજ ૧૨-૦૦ કલાકે ઉપરોક્ત કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૧૦/૯/૨૦૧૨ના રોજ ૧૮-૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

**સ્થળ : ગાંધીનગર** **સહી/-**
**તારીખ : ૨૩/૮/૨૦૧૨** **નિયામકશ્રી**
**ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન**
**(ગેમી) ગાંધીનગર**













જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com